# રિવરફ્રન્ટ પર યોગ દિવસ ઉજવાયો

**સીએમ પટેલ અને હર્ષ સંઘવી પણ ઉપસ્થિત : ગુજરાત યોગ બોર્ડ દ્વારા પણ રાજ્યમાં ૭૫ આઇકોનિક સ્થળ પર યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે**

અમદાવાદ,તા.૨૧

૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યોગ બોર્ડ દ્વારા પણ રાજ્યમાં ૭૫ આઈકોનિક સ્થળ પર યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે. જ્યાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી ઉપરાંત રમત ગમત અને યુવા સાંસ્કૃતિક રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા છે. નોંધનીય છે કે, યોગ દિવસની ઉજવણી માટે ૭૫ સ્થળ પસંદ કરાયા છે. તેમાં મોઢેરા સૂર્યમંદિર અને અંબાજી મંદિર સહિત ૧૭ ધાર્મિક સ્થળ, દાદા હરિની વાવ અને દાંડી સ્મારક સહિત ૧૮ ઐતિહાસિક સ્થળ, કચ્છના રણ, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત ૨૨ પ્રવાસન સ્થળ, માનગઢ હિલ અને સાપુતારા સહિત ૧૭ કુદરતી સૌંદર્યધામ સામેલ છે. આજે ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત તાલુકા, વોર્ડ, તમામ આરોગ્ય કેન્દ્ર, પોલીસ હેડ ક્વોટર્સ એમ તમામ જગ્યા એ સવા કરોડ લોકો યોગ કરે તેવું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ સાથે જ ટુરિઝમના ૭૫ આઈકોનીક સ્થળો પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા જિલ્લાના ૨૪ સેન્ટર ખાતે યોગ સપ્તાહનું આયોજન છે. રાજયસ્તરીય મુખ્ય કાર્યક્રમનું આયોજન સાબરમતી રિવરફ્રન્ટ પર કરવામાં આવ્યું છે. જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી ભાગવત કરાડ અને પ્રદેશના રમત ગમતના રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા છે. રમત ગમત વિભાગના પ્રધાન સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે કે, 'આઝાદી કા અમૃત મહોત્સવ (સ્વતંત્રતાના ૭૫ વર્ષ) અંતર્ગત સમગ્ર ગુજરાતમાં કુલ ૭૫ આઈકોનિક સ્થળ પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.





# શાશ્વત સુખ- શાંતિની અનુભૂતિ યોગ વિના શક્ય નથી : રાજયપાલશ્રી

**રાજભવન ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણી પ્રસંગે વિવિધ આસનો પ્રસ્તુત કરી યોગને જીવનનો નિત્યક્રમ બનાવવા રાજ્યપાલશ્રીનો અનુરોધ**



ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે રાજભવન ખાતે યોગ, પ્રાણાયમ અને આસન પ્રસ્તુત કરીને યોગને જીવનનો નિત્યક્રમ બનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે શાશ્વત સુખ અને શાંતિની અનુભૂતિ યોગ વિના શક્ય નથી.

રાજભવન ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિને ગાંધીનગરના દિવ્ય જીવન સંઘના ઉપાધ્યક્ષ અને જાણીતા યોગ અને વેલનેસ કોચ અશ્વિનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે મહર્ષિ પતંજલીએ યોગસૂત્રનું નિર્માણ કરીને સમસ્ત વિશ્વના કલ્યાણ માટે યોગ વિદ્યાને વિશ્વના ચરણે ધરી હતી જ્યારે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંનિષ્ઠ પ્રયાસને કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૧મી જૂનના દિવસને વિશ્વ યોગ દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. જેના કારણે માનવ કલ્યાણના ઉદાત ધ્યેય સાથે ભારતના ઋષિમુનિઓ દ્વારા નિર્મિત યોગ વિદ્યાને વૈશ્વિક મહત્વ મળ્યું છે, એટલું જ નહીં સમગ્ર વિશ્વે યોગનો સ્વીકાર કરીને સ્વસ્થ જીવનશૈલી માટે પુરુષાર્થ કર્યો છે રાજ્યપાલશ્રીએ યોગાસન અને પ્રાણાયામનાં મહત્વને સમજાવી જણાવ્યું હતું કે રોગપ્રતિકારક શક્તિ અતિ આવશ્યક છે અને યોગ, પ્રાણાયામથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ સબળ બને છે. તેમણે યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ અષ્ટાંગ યોગ અંગે માર્ગદર્શન આપીને શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગના મહત્વને સમજાવ્યું હતું. વિશ્વ યોગ દિને પ્રત્યેક નાગરિક યોગને જીવનનો નિત્યક્રમ બનાવી નિયમિત યોગ, પ્રાણાયામ અને આસનો દ્વારા શરીર, મનને સ્વસ્થ રાખવા સંકલ્પબદ્ધ બને તેવો અનુરોધ રાજ્યપાલશ્રીએ આ તકે કર્યો હતો.

# નમાઝની જેમ યોગ પણ મનને શાંત કરે છે : ઝૈનબ ઠાકરાવાલા

**વડોદરામાં યોગ શીખવાડે છે મુસ્લિમ મહિલાઓ : મુસ્લિમ મહિલાનો ધ્યેય સુનિશ્ચિત કરવાનો છે કે મહિલાઓનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે**

વડોદરા,તા.૨૧

વહેલી સવારે લોકો જ્યારે ઉઠવાની મથામણ કરી રહ્યા હોય છે ત્યારે ઝૈનબ ઠાકરાવાલા વડોદરાના આજવા રોડ પર આવેલા પોતાના યોગ ક્લાસમાં ઉત્સાહભેર પહોંચી જાય છે. ઝૈનબની વિદ્યાર્થીનીઓ પણ વહેલી સવારે અહીં પહોંચી જાય છે અને સાથે મળીને તેઓ સૂર્ય નમસ્કાર કરે છે. ઝૈનબ ઠાકરાવાલાના મોટા ભાગના વિદ્યાર્થીઓ અલવી બોહરા સમાજના હોય છે. ૫૭ વર્ષીય ઝૈનબ ૩૫ વિદ્યાર્થિનીઓને યોગ શીખવાડે છે, જેમાંથી ભાગ્યે જ કોઈ વહેલી સવારના સેશન મિસ કરે છે. પાછલા ઘણાં વર્ષોથી પોતાના સમાજમાં યોગના ફાયદા બાબતે લોકોને જાગૃત કરતા ઝૈનબ જણાવે છે કે, એક કલાકના સેશનમાં હું તેમને વિવિધ આસનની સાથે સાથે મગજને કેવી રીતે રિલેક્સ કરવાનું એ પણ શીખવાડુ છું. હું ક્યારેય મારા યોગ ક્લાસ મિસ નથી કરતી. લગભગ ૧૨ વર્ષ પહેલા ઝૈનબે પોતાની ફિટનેસ અને માનસિક સ્વાસ્થ્યને સુધારવા માટે યોગ શીખવાનો નિર્ણય લીધો હતો. ત્યારપછી તેણે પ્રોફેશનલ ટ્રેનિંગ મેળવી હતી અને પછી અન્ય લોકોને શીખવાડવાની શરુઆત કરી હતી. ઝૈનબ જણાવે છે કે, હું નથી માનતી કે ધર્મ કોઈને પણ યોગ કરતાં અટકાવે છે. યોગમાં એવી શક્તિ છે જે પ્રત્યેક વ્યક્તિને સ્વસ્થ રાખી શખે છે. શરુઆતમાં સમાજના લોકો મારી પાસે આ પ્રશ્ન લઈને આવતા હતા પરંતુ હું તેમને યોગના ફાયદા જણાવીને સમજાવતી હતી.

**મારો ધ્યેય સમાજની મહિલાઓ અને વૃદ્ધોને આ પરંપરાગત ભારતીય પદ્ધતિ વિશે શિક્ષિત કરવાનો છે જેથી તે સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરી શકે**

માત્ર ઝૈનબ જ નહીં, વડોદરા શહેરમાં પાછલા ૩ વર્ષથી ૪૯ વર્ષીય સકિના ટીનવાલા પણ યોગ કોચિંગ સેન્ટર ચલાવે છે. શહેરના પ્રતાપગંજ વિસ્તારમાં રહેતા સકિના જણાવે છે કે, ઓમકાર સાથે અમારા યોગ સેશનની શરુઆત થાય છે અને પછી પ્રાર્થના કરવામાં આવે છે. યોગ તમને માત્ર ફિટ નથી કરતા, તેનાથી શરીર અને મનનું સંતુલન જળવાય છે. માટે સેશન પહેલા પ્રાર્થના કરવી જરૂરી છે. મેં નવ વર્ષ પહેલા મારી સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે યોગ કરવાની શરુઆત કરી હતી. યોગ નિકેતનમાં પાંચ મહિના સુધી તાલીમ મેળવ્યા પછી મારા સ્વાસ્થ્યમાં સુધારો નોંધાયો હતો. ત્યારપછી મેં એડવાન્સ લેવલનો પ્રોફેશનલ કોર્સ કર્યો અને હવે અન્ય લોકો સુધી યોગના ફાયદા પહોંચાડી રહી છું. મારો ધ્યેય સમાજની મહિલાઓ અને વૃદ્ધોને આ પરંપરાગત ભારતીય પદ્ધતિ વિશે શિક્ષિત કરવાનો છે જેથી તે સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરી શકે. સમિના ચશ્માવાલાએ જ્યારે યોગા ક્લાસિસની શરુઆત કરી ત્યારે તેમણે ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

## પાટીલનો હાથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બધાને ગુજરાતમાં જ શા માટે રાખવામાં આવે છે? દેશ તો બહુ મોટો છે, મેં સાંભળ્યું છે સુરતમાં છે.. અમારો તેમની સાથે સંપર્ક થયો છે. અમારા ધારાસભ્યો કે જેઓ ત્યાંથી તેમાંથી ઘણાં પરત આવવા માગે છે પરંતુ તેમને પરત આવવા દેવામાં નથી આવી રહ્યા અને તેમની ઘેરાબંધી કરવામાં આવી છે. આવી ઘેરાબંધી ગુજરાતમાં જ થઈ શકે છે.

સુરતમાં સીઆર પાટીલે મહારાષ્ટ્રની સરકાર તોડવાનું ષડ્યંત્ર રચ્યું છે. તેમણે જ ધારાસભ્યોને ત્યાં રાખવાની વ્યવસ્થા કરી હોવાના આક્ષેપ રાઉતે કર્યા અને આ સાથે તેમનું (સીઆર પાટીલ)નું વર્ચસ્વ ત્યાં હોવાથી ધારાસભ્યોને સુરત લઈ જવાયા હોવાના આક્ષેપ રાઉતે કર્યા હોવાનું મીડિયા રિપોર્ટ્સમાં જણાવવામાં આવી રહ્યું છે.

સુરત પહોંચેલા શિવસેનાના ૨૧ ધારાસભ્યો અને એક અપક્ષ ધારાસભ્યનું લિસ્ટ સામે આવ્યું છે. જે આ પ્રમાણે છે.

એકનાથ શિંદે, અબ્દુલ સત્તાર, મહેશ શિંદે, શંભૂરાજ દેસાઈ, સંદિપાન ભૂમરે, સંજય રામુલકર, વિશ્વનાથ ભોઈર, અનિલ બાબર, રમેશ બોરનારે, શહાજી પાટીલ, કિશોર પાટીલ, ચિનમનરાવ પાટીલ, મહેન્દ્ર દલવી, પ્રદીપ જૈસવાલ, શંભુરાજ દેસાઈ, શનરાજ ચૌગુલે, બાલાજી કિનિકર, ભરતશેટ ગોગાવલે, ગાયકવાડ, સુહાસ કાંદે. પ્રકાશ અબિતર,રાજકુમાર પટેલ (અપક્ષ).

## બીજા દિવસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ યુવક પણ અમદાવાદ ગયાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સે. ૩ માંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

સે. ૭ માંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે દર્દી પણ કોઈ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં મોટીવય ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી છે તે પણ તંત્રની ચિંતાનો મુદ્દો છે.

શહેરમાં આજે ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે એક્ટીવ કેસની સંખ્યા ૪૫ છે જે હાલ સારવાર હેઠળ છે. તંત્રએ મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જે ત્રણ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર ગ્રામ્યમાં એક અને કલોલમાં બે કેસ નોંધાયા છે. કલોલ અને ગાંધીનગરમાં કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે.

પ્રાંતિયા પ્રા.આ. કેન્દ્રની હદમાં આવતા મોટા ચિલોડા ગામે એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન ઓફિસ કામે મુંબઈ જઈ પરત ફર્યો હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં ધાનજ પ્રા.આ. કેન્દ્રની હદમાં આવતા અદાણી શાંતિગ્રામમાંથી એક ૧૮ વર્ષીય યુવકનો તેમજ કલોલ અર્બન-૨ માંથી એક ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આજે નોંધાયેલ ૩ એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૭ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૭૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

## સુનુ-સુનુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલસ્ટરની ત્રણ શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ કરશે અને ત્રીજી શાળામાં તે કલસ્ટરની શૈક્ષણિક બાબતોની સમીક્ષા કરશે. રીવ્યુ બેઠક ૨૪મી જૂને યોજાશે. જેમાં અધિકારીઓ-પદાધિકારીઓ હાજર રહી સમગ્ર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સમીક્ષા કરશે.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૬ કેસ નોંધાયા : ૧૬૩ દર્દી સાજા થયા

**એક પણ મોત નહી : રાજ્યમાં આજે કુલ ૫૫,૫૮૪ રસીના ડોઝ અપાયા**

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં કોરોનાના આજે નવા ૨૨૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૬૩ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૫,૬૧૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૫૫,૫૮૪ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૫૨૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે. આ ઉપરાંત ૧૫૨૨ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૫,૬૧૬ નાગરિકો હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૬ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦૬, વડોદરા કોર્પોરેશન ૨૨, સુરત કોર્પોરેશન ૩૭, ગાંધીનગર કોર્પોરેશન ૭, વડોદરા ૬, કચ્છ, મહેસાણા, રાજકોટ કોર્પોરેશન અને વલસાડમાં ૫-૫ કેસ નોંધાયા છે. ભાવનગર કોર્પોરેશન, જામનગર કોર્પોરેશન અને નવસારીમાં ૪-૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર, પાટણમાં ૩-૩, અમદાવાદ, ભરૂચ, રાજકોટમાં ૨-૨ અને અમરેલી, આણંદ, ખેડા અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૯૪૮ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૦૪૭૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૭૦૦ ને રસીનો પ્રથમ અને ૨૦૪૨ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૨૭૧૨૬ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૫૬૩૩ ને રસીનો પ્રથમ અને ૮૬૫૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૫૫,૫૮૪ કુલ રસીના ડોઝ અને અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૯,૬૫,૮૧૯ કુલ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# વલસાડમાં ભારે વરસાદથી ૨૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી

**વલસાડમાં સોમવારથી વરસાદી માહોલ જામ્યો : હજુ પણ આ જર્જરિત મકાનો કાટમાળ અડધો લટકી રહ્યો છે, મકાનનો અડધો ભાગ હજુ તૂટવાની રાહ જોઈ રહ્યો છે**

વલસાડ,તા.૨૧

વલસાડ જિલ્લામાં સોમવારે દિવસભર વરસાદી માહોલ જામ્યો હતો. ભારે વરસાદને કારણે જિલ્લાના અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું હતું. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઉમરગામ તાલુકામાં નોંધાયો હતો. ઉમરગામમાં ધોધમાર વરસાદના માહોલમાં બાજુમાં આવેલા નારગોલ ગામમાં ૨૦૦ વર્ષ જૂનું એક મકાન ધરાશાયી થઈ ગયું હતું. જોકે, આ મકાનમાં કોઈ રહેતું ન હોવાથી તંત્ર અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો. નારગોલના કારભારી પારસી પરિવારની માલિકીનું ૨૦૦ વર્ષથી વધુ જૂનું મકાન વરસાદી માહોલમાં ધરાશાયી થઈ જતા બાજુમાં રહેતા પરિવારજનોના જીવ તાળવે ચોંટ્યા હતા. હજુ પણ આ જર્જરિત મકાનો કાટમાળ અડધો લટકી રહ્યો છે. મકાનનો અડધો ભાગ હજુ તૂટવાની રાહ જોઈ રહ્યો છે. ભારે વરસાદના માહોલમાં તૂટી પડેલા મકાનને કારણે આસપાસના લોકોના જીવ તાળવે ચોંટ્યા છે. લોકોએ મકાન તૂટી પડવાની જાણ સંબંધિત વિભાગને કરી હતી. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા અને આસપાસના વિસ્તારમાં દિવસભર વરસેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાયા હતા. કેટલાક જગ્યાએ મકાનોમાં પાણી ઘૂસ્યા હતા. નારગોલમાં ૨૦૦ વર્ષ જૂનું મકાન તૂટી પડતાં આસપાસના લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. મળતી માહિતી મુજબ આ મકાન વર્ષોથી બંધ અને જર્જરિત હાલતમાં હતું. મકાનમાં કોઈ રહેતું નહીં હોવાથી આ કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી.

# ધારી પંથકમાંથી આશરે ૧૦ થી ૧૨ વર્ષના સિંહનો મૃતદેહ મળ્યો

**સિંહના મોતનું કારણ અકબંધ : જોકે મોત અંગે કોઇ સ્પષ્ટ કારણ જાણવા ન મળતા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી વિસેરા જૂનાગઢ લેબોરેટરીમાં મોકલાયા હતા**

અમરેલી,તા.૨૧

અમરેલીના ધારી પંથકમાંથી વધુ એક સિંહનો મૃતદેહ મળ્યો હોવાનું સામે આવ્યું છે. ધારી ગીર પૂર્વની સરસિયા રેન્જ હેઠળ આવતા ખોડિયાર ડેમ વિસ્તારમાંથી આશરે ૧૦ થી ૧૨ વર્ષના ડાલામથ્થા સિંહનો મૃતદેહ મળી આવતા હડકંપ મચી જવા પામ્યો હતો. આ અંગે વન વિભાગને જાણ કરતાં સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યાં સિંહના મૃતદેહનું કારણ જાણવાની દિશામાં તપાસ હાથ ધરી છે.

ધારી ખોડિયાર ડેમના કાંઠે કોહવાય ગયેલી હાલતમાં સિંહનો મૃતદેહ પડયો હતો. આ મામલે ડીએફઓ રાજદીપસિંહ ઝાલાની સૂચનાથી ઈન્ચાર્જ એસીએફ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સરસિયા રેન્જના આરએફઓ જ્યોતિ વોરા સહિતના વન વિભાગના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. જ્યાં પ્રાથમિક તપાસમાં સિંહના મૃતદેહમાંથી ૧૧ ન્હોર મળી આવ્યા હતા. જ્યારે અન્ય ન્હોર ડેમ કાંઠાના વ્હેણમાં શોધવાની વન વિભાગે કવાયત હાથ ધરી હતી. આ ઉપરાંત સિંહના મૃતદેહમાં માઈક્રોચીપ નં ૧ લાગેલ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

ત્યારબાદ સિંહના મોત અંગેનું કારણ જાણવા વન વિભાગે મથામણ આદરી હતી. જોકે મોત અંગે કોઈ સ્પષ્ટ કારણ જાણવા ન મળતા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી વિસેરા જૂનાગઢ લેબોરેટરીમાં મોકલાયા હતા. ધારી ગીરના સરસીયા રેંજની આ ઘટના અંગે સરસીયા રેંજના આર.એફ.ઓ.એ પુષ્ટી કરી હતી.

**● રેડિયન્ટ સ્કૂલ**

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભારે



ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યોગશિક્ષક તેમજ વ્યાયામ શિક્ષકના માર્ગદર્શન હેઠળ સ્કૂલ મેનેજમેન્ટ, વિદ્યાર્થીઓ, સ્ટાફ તેમજ વાલીઓએ સાથે મળી શાળા કેમ્પસમાં વિવિધ યોગાસનો કર્યા હતા.

**● આર.જી. કન્યા વિદ્યાલય**

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા સે-૨માં કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજનાના યુનિટ



દ્વારા સવારે યોગ દિવસની ઉજવણી થઈ હતી. જેમાં એનએસએસની દિકરીઓએ આસનો અને પ્રાણાયામ કરી વિશ્વ યોગ દિનની ઉજવણી કરી હતી તથા એનએસએસ. કન્વીનર દ્વારા યોગના મહ્‌ત્વ વિશે વિગતે સમજૂતી આપવામાં આવી હતી. આચાર્ય ગીતેષભાઈ પટેલે યોગ દિને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

**● ઈન્ફોકિડસ પ્રિ-સ્કૂલ**




ઈન્ફો કિડસ પ્રિ-સ્કૂલના વિદ્યાર્થીઓએ આજે આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ દિવસની ઉજવણી કરી હતી. શક્ષિકા બહેનોએ યોગનું મહ્‌ત્વ સમજાવી નાના બાળકોને યોગ કરાવ્યા હતા.



સેક્ટર ૫ અને સરગાસણ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કુલ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણી હર્ષઓલાસ થી કરવામાં આવી. જેમાં બાળકોએ ખુબજ આનંદ પ્રમોદ કરેલ છે.

# સેક્ટર-૭-ડી ના બગીચામાં ગંદકી-પથ્થરોના ઢગલા

ગાંધીનગર, તા. ૨૧

સેક્ટર-૭-ડીમાં બગીચાનો હવાલો સરકારશ્રી તરફથી મહાનગરપાલિકાએ સંભાળેલ છે. પરંતુ મનપા તરફથી કોઈ કર્મચારીની નિમણૂંક કરેલ નથી. પરિણામે છેલ્લા ઘણા સમયથી બગીચો નધણિયાતો બનેલ છે. બગીચામાં અસહ્ય ગંદકી થયેલ છે. બાંકડા તૂટી ગયેલ છે. તેના પથ્થરના ટુકડા ગમે ત્યાં પડેલ હોય છે. છેલ્લા ત્રણ વર્ષથી એક વિશાળ આંબાનુ વૃક્ષ પડી ગયેલ છે તેના થડિયા ને લાકડા પણ ઉપાડેલ નથી જે નાના ભુલકાઓ માટે જીવલેણ બને તેમ છે. નગરસેવકો પણ ધ્યાન આપતા નથી. પરિણામે વસાહતીઓમાં ગણગણાટ સાથેનો રોષ વ્યાપેલો છે.

# લવાડમાં લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

દહેગામ તાલુકાના લવાડ ગામે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા સુક્રિશ્ના સાર્વજનિક ટ્રસ્ટ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશભક્તિ, શૌર્યગીતોનો તથા લોકડાયરો યોજાયેલ હતો. સરપંચ તથા અગ્રણીઓએ દીપ પ્રાગટ્ય કરેલ હતુ. વિશાળ સંખ્યામાં ગ્રામજનોએ લોકડાયરાનો કાર્યક્રમ સફળ બનાવેલ હતો. સંસ્થાના પ્રમુખ રીતેશ ભટ્ટે આભારવિધિ કરેલ હતી.